| | | |
|---|---|---|
| RIGHT TO INFORMATION | **એચ.એસ.સુથાર** | **સુરત મહાનગરપાલિકા** |
| | અપીલ અધિકારી અને | સ્લમ અપગ્રેડેશન વિભાગ |
| | કાર્યપાલક ઈજનેર | બીજો માળ, જુની રાંદેર ઝોન ઓફિસ |
| | મો.નં.૯૭૨૪૩૪૫૪૩૧ | તાડવાડી રાંદેર રોડ, સુરત. |

પ્રથમ અપીલ અરજી નં. એસયુસી અપીલ/૧૬/ ૨૦૧૬–૧૭, તા.૧૮/૦૩/૨૦૧૭

અરજદારઃ- શ્રી પ્રદીપ મનસુખભાઈ મુંજાણી

સામાવાળાઃ- જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપ્રગેડેશન વિભાગ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી પ્રદીપ મનસુખભાઈ મુંજાણીની માહિતી માંગતી અરજી આઈ.ડી. નં. ૨૪૨૨ તા. ૦૭.૦૨.૨૦૧૭ બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની અપીલ તા.૧૮/૦૩/૨૦૧૭ ની **SUC / SMC / FAP/** નં. ૧૬ ૨૦૧૬–૧૭

આર.ટી.આઈ. એકટ હેઠળ અરજદારશ્રી પ્રદીપ મનસુખભાઈ મુંજાણીની આઈ.ડી. નં. ૨૪૨૨ તા. ૦૭.૦૨.૨૦૧૭ ની અરજી જાહેર માહિતી અધિકારીશ્રી અને એકઝીકયુટીવ આસીસ્ટન્ટ (નાગરીક સુવિધા કેન્દ્ર) એ માહિતી પૂરી પાડવા અત્રે તબદીલ કરેલ જે અત્રે તા. ૧૦.૦૨.૨૦૧૭ ના રોજ મળેલ છે. અરજદારની સદર અરજી અન્વયેની નીચે મુજબની માહિતી માંગેલી છે.

મુદ્દા નં.(૧) ટેન્ડરના સ્પેશીફીકેશન અને કરાર મુજબ EWS-3 સીંગણપોરમાં બનાવેલ રસોડામાં પ્લેટફોર્મ અને ગેડી વિશે માહિતી જણાવજો.

મુદ્દા નં.(૨) ટેન્ડરના સ્પેશીફીકેશન અને કરારમાં દર્શાવ્યા પ્રમાણે બારીની ગ્રીલનાં એમએમ વિશેની માહિતી જણાવજો.

મુદ્દા નં.(૩) EWS-3 સીંગણપોર સુમનકુંજમાં બારીમાં લગાવેલ ગ્રીલની એમએમ વિશેની માહિતી જણાવજો.

મુદ્દા નં.(૪) દસ્તાવેજમાં ફોટામાં દરવાજાની એંગલ દર્શાવી છે અને EWS-3 સીંગણપોરમાં લગાવેલ દરવાજામાં એંગલ નથી તો તે વિશેની માહિતી જણાવજો.

મુદ્દા નં.(૫) ટેન્ડરની સ્પેશીફીકેશન અને કરારની ગુજરાતી કોપી મેળવવા માટેની માહિતી જણાવજો.

મુદ્દા નં.(૬) ટેન્ડરના સ્પેશીફીકેશન અને કરાર મુજબ ચુનો મારવાનું જણાવાયુ છે તે વિશેની માહિતી જણાવજો.

મુદ્દા નં.(૭) EWS ની માહિતી પત્રકમાં EWS-3 સીંગણપોર સુમનકુંજમાં રસોડામાં પ્લેટફોર્મ અને ગેડી દર્શાવામાં આવી છે તે વિશેની માહિતી જણાવજો.

મુદ્દા નં.(૮) EWS-3 સીંગણપોરમાં બહાર અને અંદરની બાજુમાં મારવામાં આવેલ કલર વિશેની માહિતી જણાવજો.

મુદ્દા નં.(૯) દસ્તાવેજમાં નકશામાં રોડ શો અને બાઉન્ડ્રીના કલર વિશેની માહિતી દર્શાવેલ છે અને સાઈટ પર મારવામાં આવેલ કલર વિશેની માહિતી જણાવજો.

મુદ્દા નં.(૧૦) દસ્તાવેજમાં પાના નં. ૬ માં કમ્પાઉન્ડ વોલનો ઉલ્લેખ છે અને EWS-3 સીંગણપોરમાં કમ્પાઉન્ડ બનાવવામાં આવેલ નથી. તો તે વિશેની માહિતી જણાવજો.

મુદ્દા નં.(૧૧) દસ્તાવેજમાં રસોડામાં પ્લેટફોર્મ અને ગેડીનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને EWS-3 સીંગણપોરમાં રસોડા અને પ્લેટફોર્મ અને ગેડી બનાવવામાં આવેલ નથી. તો તે વિશેની માહિતી જણાવજો.

મુદ્દા નં.(૧૨) આઈ ડી નં.૬૫૭, તા. ૧૬/૧૧/૨૦૧૬ અને આઈ ડી નં. ૨૦૪૩ ના રોજ માંગેલ માહિતીમાં માહિતી અધિકારીશ્રી એન.એલ.પટેલને જણાવ્યુ કે પ્રશ્નવાચક માહિતી અને કારણ દર્શાવવા એ માહિતી પરીપેક્ષમાં સમાવિષ્ટ નથી. તો માહિતી અધિકારીને જણાવવાનું કે, બન્નેની માહિતી પ્રશ્નવાચક હતી અને એન.એલ.પટેલ અમુક માહિતી આપી અને અમુક માહિતી નહીં આપેલ તો તે વિશેની માહિતી જણાવજો.

મુદ્દા નં.(૧૩) માહિતી અધિકારીશ્રી એન.એલ.પટેલને જણાવવાનું કે પ્રશ્નવાચક માહિતીમાં ખ્યાલ છે તો પહેલા મળેલ માહિતીનો અભ્યાસ કરવો પડે પછી માહિતી આપવી જોઈએ માટે આઈ ડી નં. ૬૫૭ અને આઈ ડી નં. ૨૦૪૩ માં અમુક પ્રશ્નવાચક માહિતી નથી આપવામાં આવી તે વિશેની માહિતી જણાવજો.

મુદ્દા નં.(૧૪) ઉપરની માહિતી માંગવામાં કોઈ ભુલ હોય તો ઉપર મુજબની માહિતી માંગવાની પધ્ધતિની માહિતી જણાવજો.

સદર અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી દ્વારા મળેલ પ્રત્યુત્તરથી નારાજ થઈ મજકુર અરજદારે 'નમુના–જ' હેઠળ એકઝીકયુટીવ આસી. અને જાહેર માહિતી અધિકારી નાગરીક સુવિધા કેન્દ્ર, મુગલીસરામાં તા. ૧૪/૦૩/૨૦૧૭થી પ્રથમ અપીલ કરેલ છે. જે તેઓએ આઉટ નં. CCC/C.Zone/out/228,dtd. 15/03/2017 થી અત્રેની કચેરીએ તબદીલ કરેલ હતી જે અત્રેની કચેરીએ SUC/(અપીલ)/No. 16,dtd. 18/03/2017 થી મળેલ છે. સદર અપીલ અન્વયે અપીલ અધિકારી કાર્યપાલક ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ)એ ૨૪/૦૩/૨૦૧૭ પત્ર નં. એસયુસી/આરટીઆઈ/આઉટ નં. ૧૬થી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર, સ્લમ અપગ્રેડેશન સેલ પાસે સ્પષ્ટતા રીપોર્ટ તથા પ્રદીપભાઈ મુંજાણીની આઈ.ડી. નં. ૨૪૨૨, તા. ૦૭/૦૨/૨૦૧૭ અંગે જરૂરી ડોકયુમેન્ટસની નકલો આપવા જણાવેલ. જે અન્વયે

જાહેર માહિતી અધિકારી એ તેઓના તા. ૦૬/૦૪/૨૦૧૭ ના પત્ર નં. એસયુસી/આઉટ નં. ૨ થી જરૂરી પૂર્તતા કરેલ છે. જે અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપ્રગેડેશન વિભાગ) તેઓના પત્ર નં. એસયુસી/આઉટ/નં.૧૭૫ તા. ૦૪/૦૩/૨૦૧૭ થી અરજદાર મજકુરને નીચે જણાવ્યા મુજબનો જવાબ પાઠવેલ છે. એકઝીકયુટીવ આસી. અને જાહેર માહિતી અધિકારી નાગરીક સુવિધા કેન્દ્ર, મુગલીસરા સીસીસી/સીઝેડ/આરટીઆઈ/જાવક નં. ૨૦૪૩, તા. ૩૦/૧૨/૨૦૧૬ થી તબદીલ કરેલ જે અત્રેની કચેરીએ એસયુસી/આરટીઆઈ/ઈન નં.૧૪૩, તા. ૦૩/૦૨/૨૦૧૭ ના રોજ મળેલ છે. આ સંબંધમાં મારે જણાવવાનું કે આપે માંગેલ માહિતી અને દસ્તાવેજો માટે નીચે જણાવેલી વિગતો અનુસાર રૂા. ૪૯૪/–(અંકે રૂપિયા ચારસો ચોરાણું પુરા) જમા કરાવવાનું આપને ફરમાવવામાં આવે છે. તથા જે અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપ્રગેડેશન વિભાગ) તેઓના પત્ર નં.એસયુસી/આઉટ/નં.૧૭૬ તા. ૦૪/૦૩/૨૦૧૭ થી અરજદાર મજકુરને નીચે જણાવ્યા મુજબનો જવાબ પાઠવેલ છે. મુદ્દા નં.–૧,૨,૩,૪,૬,૭,૮,૧૧ અન્વયે જણાવવાનું કે ટેન્ડરની કોપીમાં તેમજ એકસ્ટ્રા આઈટમની મંજુરીમાં બાંધકામમાં વપરાયેલ મટીરીયલ બાબતે ટેન્ડરમાં જણાવેલ નીતિ નિયમોનુસાર વિગતવાર માહિતી સ્પષ્ટતાપૂર્વક જણાવવામાં આવેલ છે. સદર નકલ અન્વયે "નમૂનો–ખ" આ સાથે સામેલ છે.

મુદ્દા નં. ૦૫– માંગ્યા મુજબનો રેકર્ડ ગુજરાતીમાં ઉપલબ્ધ નથી.

મુદ્દા નં. ૦૯–નકશામાં કલર નોટેશન છે. જે સ્થળ સ્થિતિને સુસંગત બાબત નથી.

મુદ્દા નં. ૧૦–જણાવ્યા મુજબનો "ઉલ્લેખ" આ પ્રકારના તમામ બાંધકામને સંલગ્ન જનરલ બાબત છે.

મુદ્દા નં. ૧૨,૧૩,૧૪–માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ માં સદર બાબતોનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવેલ છે. આપ ચાહો તો અત્રેની કચેરીથી દિન–૭ માં આગોતરો સમય મેળવી નીતિનિયમ મુજબ દફતરી ઈન્સપેકશન કરી શકો છો.

ત્યારબાદ પ્રથમ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગ દ્વારા અરજદારશ્રી પ્રદીપભાઈ મનસુખભાઈ મુંજાણીની પ્રથમ અપીલ નં. ૧૬ ના સંદર્ભે સુનાવણી તા. ૧૦/૦૪/૨૦૧૭ ના રોજ ૪:૦૦ કલાકે રાખવામાં આવેલ. જેમાં અરજદારશ્રી ઉપસ્થિત રહયા હતા. અને આઈ.ડી. નં. ૨૪૨૨ થી માંગેલ બધીજ માહિતી સ્પષ્ટપણે આપવા જણાવેલ. જયારે લાગત જાહેર માહિતી અધિકારી તરફે ડેપ્યુટી ઈજનેરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગ ઉપસ્થિત રહયા હતા અને તેઓએ જરૂરી ફી ભરી નકલો મેળવી લેવા બાબતનો જવાબ કરેલ છે.

આમ, આર.ટી.આઈ. એકટની કલમ – ૨(એફ) અને ૨(જે) મુજબ જાહેર માહિતી અધિકારીશ્રી પાસેની અને દફતરી ઉપલબ્ધ માહિતી પુરી પાડવાની જોગવાઈ છે જે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગ તરફથી અરજદારશ્રીને દફતરી રેકર્ડ આધારીત પ્રત્યુત્તર પાઠવવા જણાવવામાં આવે છે અને ડેપ્યુટી ઈજનેરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગનો ઓફિસ કામકાજ દરમ્યાન આગોતરો સમય મેળવી સંલગ્ન ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરીને આપેલ માહિતીની ખરાઈ કરવા સ્વતંત્ર છે.

## –: હુકમ :–

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રીની તા.૦૭/૦૨/૧૬ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી અંગે આર.ટી.આઈ. એકટની કલમ – ૨(એફ) અને ૨(જે) મુજબ જાહેર માહિતી અધિકારીશ્રી પાસેની અને દફતરી ઉપલબ્ધ માહિતી પુરી પાડવાની જોગવાઈ છે જે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી સ્લમ અપગ્રેડેશન વિભાગ તરફથી અરજદારશ્રીને દફતરી રેકર્ડ આધારીત અરજીમાં જણાવેલ મુદ્દાઓ બાબતે મુદ્દાવાઈઝ વિગતવાર જવાબ દિન–૭(સાત) માં અરજદાર મજકુરને નીચે સહી કરનારની જાણ હેઠળ કરવી અને આ બાબતમાં જરૂર જણાય તો જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગનો ઓફિસ કામકાજ દરમ્યાન આગોતરો સમય મેળવી સંલગ્ન ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરીને આપેલ માહિતીની ખરાઈ કરવા સ્વતંત્ર છે.

અરજદારશ્રી સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર નં.– ૧૦/એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

(એચ. એસ. સુથાર)
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
સ્લમ અપગ્રેડેશન વિભાગ
સુરત મહાનગરપાલિકા

નં.એસયુસી/આ./ ૦૫
તારીખઃ– ૧૭/૦૪/૨૦૧૭

પ્રતિ,
(૧) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપ્રગેડેશન વિભાગ) પ્રતિ...જાણ તથા તાકીદે અમલ માટે.
(૨) સેકશન ઓફીસરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગ પ્રતિ...... જાણ માટે.

| | એચ.એસ.સુથાર | સુરત મહાનગરપાલિકા | |
|---|---|---|---|
| | અપીલ અધિકારી અને | સ્લમ અપગ્રેડેશન વિભાગ | |
| | કાર્યપાલક ઈજનેર | બીજો માળ, જુની રાંદેર ઝોન ઓફિસ | |
| | મો.નં.૯૭૨૪૩૪૫૪૩૧ | તાડવાડી રાંદેર રોડ, સુરત. | |


પ્રથમ અપીલ અરજી નં. એસયુસી અપીલ/૧૮/ ૨૦૧૬–૧૭ તા.૩૦/૦૩/૨૦૧૭

**અરજદારઃ** શ્રી સંજય મેહરા
**સામાવાળાઃ** જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રડેશન વિભાગ)
**ફરીયાદની હકીકતઃ**

**વિષયઃ** આર.ટી.આઈ એકટ હેઠળ શ્રી સંજય મેહરાની માહિતી માંગતી અરજી આઈ.ડી. નં. ૯૭૯, તા. ૩/૦૨/૨૦૧૭ બાબત.
**સંદર્ભ :** અરજદાર મજકુરની અપીલ તા. ૩૦/૦૩/૨૦૧૭ ની **SUC/SMC/FAP**/નં.૧૮ તા. ૩૦/૦૩/૨૦૧૭.

આર.ટી.આઈ એકટ હેઠળ અરજદારશ્રી સંજય મેહરાની આઈ.ડી. નં. ૯૭૯ તા. ૦૩/૦૨/૨૦૧૭ ની અરજી જાહેર માહિતી અધિકારીશ્રી અને સીની. કલાર્ક, યુસીડી વિભાગ એ માહિતી પૂરી પાડવા અત્રે તબદીલ કરેલ જે અત્રે તા. ૩૦.૦૭.૨૦૧૭ ના રોજ મળેલ. અરજદારની સદર અરજી અન્વયેની નીચે મુજબની માહિતી માંગેલી છે.

મુદ્દા નં. ૧ :– સુરત શહેરમાં યુ.સી.ડી. વિભાગની કચેરી કયા સ્થળ ઉપર આવેલ છે તે ફોન નંબર સહિતની માહિતી આપવી.

મુદ્દા નં. ૨ :– વર્ષ ૨૦૧૬ દરમ્યાન ૨ ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કરવામાં આવેલ જે અંતર્ગત કુલ ૧૬૭૩૦ લાભાર્થીઓને કુલ–૨૧,૧૩૨ લાખની સહાય વિતરણ કરવામાં આવેલ તેની લાભાર્થીદીઠ કેટલા રૂપીયાની સહાય અપાય તેની પુરાવા સાથેની માહિતી આપવી.

મુદ્દા નં. ૩ઃ– ડે ન્યુલમ સ્વરોજગાર કાર્યક્રમ કોમ્પોનન્ટ હેઠળ ૩૬ લાભાર્થીઓને રૂા.૧૪૭.૯૫ લાખની લોન સ્વરોજગાર માટે મંજુર કરવામાં આવેલ તે તમામ ૧૩૬ લાભાર્થીઓને કયા રોજગાર બાબતે અને લોન લેનાર તમામ લાભાર્થીઓના નામ અને સ્થળની માહિતી, મોબાઈલ નંબર સાથે આપવી.

મુદ્દા નં. ૪ઃ– ઉપરની તમામ માહિતી સી.ડી.માં આપવી.

સદર અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી દ્વારા મળેલ પ્રત્યુત્તરથી નારાજ થઈ મજકુર અરજદારે નમુના–જ હેઠળ એકસીકયુટીવ ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલ ઝોન, મુગલીસરા માં તા. ૨૭/૦૩/૨૦૧૭ થી પ્રથમ અપીલ કરેલ છે જે તેઓએ આઉટ નં. સી.સી.સી./સીઝેડ/આ./નં. ૨૪૪ તા. ૨૭/૦૩/૨૦૧૭ થી અત્રેની કચેરીએ તબદીલ કરેલ હતી. જે અત્રેની કચેરીએ SUC/RTI/અપીલ/નં.18 તા. ૩૦/૦૩/૨૦૧૭ થી મળેલ છે. સદર અપીલ અન્વયે અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ)એ તા. ૦૬/૦૪/૨૦૧૭ પત્ર નં. SUC/RTI/OUT/No.1 થી જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેર, સ્લમ અપગ્રેડેશન વિભાગ પાસે સ્પષ્ટતા રીપોર્ટ આપવા જણાવેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી એ તેઓના તા. ૧૨/૦૪/૨૦૧૭ ના પત્ર નં. SUC/RTI/OUT/No.3 થી જરૂરી પૂર્તતા કરેલ છે. જે અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેર સ્લમ અપગ્રેડેશન વિભાગે તેઓના પત્ર નં. SUC/RTI/OUT/No.179 થી અરજદાર મજકુરને અત્રેના વિભાગને લગતી અંશતઃ માહિતીનો નીચે જણાવ્યા મુજબનો જવાબ પાઠવેલ છે.

મુદ્દા નં. (૨) : સ્લમ અપગ્રેડેશન વિભાગ દ્વારા વર્ષ–૨૦૧૬ દરમ્યાન સરકારશ્રી તરફથી સુરત ખાતે યોજવામાં આવેલ ગરીબ કલ્યાણ મેળા દરમ્યાન JnNURM-BSUP અંતર્ગત બાંધવામાં આવેલ આવાસોમાંથી ૨૧૧૫ જેટલા આવાસોની સાધન સહાય રૂપે સહાય સરકારશ્રી દ્વારા આપવામાં આવેલ હતી. જેની એક આવાસની સહાય રૂા. ૩,૦૦,૦૦૦/– લેખે ૨૧૧૫×૩ =૬૩૪૫ લાખ રૂા. ની સહાય આપવામાં આવેલ હતી તેમજ મુખ્યમંત્રી ગૃહ યોજના (MMGY) હેઠળ આર્થિક રીતે નબળા વર્ગને (EWS) પ્રતિ આવાસ રૂા. ૩,૦૦,૦૦૦/– લેખે તેમજ ઓછી આવક ધરાવતા વર્ગને (LIG) પ્રતિ આવાસ રૂા. ૧,૦૦,૦૦૦/– ની સહાય સરકારશ્રી દ્વારા આપવામાં આવેલ છે. વધુમાં આપ ચાહો તો દિન–૭ માં અત્રેની કચેરીએથી આગોતરો સમય મેળવી નિતિ–નિયમ મુજબ દફતરી ઈન્સ્પેકશન કરી શકો છો.

ત્યારબાદ પ્રથમ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગ દ્વારા અરજદારશ્રી સંજય મેહરાની પ્રથમ અપીલ નં. ૧૮ ના સંદર્ભે સુનાવણી તા. ૨૦/૦૪/૨૦૧૭ ના રોજ ૪:૦૦ કલાકે રાખવામાં આવેલ. જેમાં અરજદારશ્રી ઉપસ્થિત રહયા હતા. અને આઈ.ડી. નં. ૯૭૯ થી માંગેલ બધીજ માહિતી સ્પષ્ટપણે આપવા જણાવેલ. અને તા. ૨૦/૦૪/૨૦૧૭ ના રોજ માહિતી રૂબરૂમાં મળેલ છે તે મુજબ અરજદાર મજકુરે રૂબરૂ સુનાવણીના સમયે રજુઆત કરેલ છે. આમ, જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી, સ્લમ

અપગ્રેડેશન વિભાગ તરફથી અરજદારશ્રીને દફતરી રેકર્ડ આધારીત પ્રત્યુત્તર પાઠવેલ છે તેમજ તા. ૨૦/૦૪/૨૦૧૭ ના રોજ માહિતી રૂબરૂમાં મળેલ છે તેવુ અરજદારે રૂબરૂ સુનાવણીમાં સ્પષ્ટ જણાવેલ હોય, અત્રેથી કાંઈ કરવાનું રહેતુ નથી.

**– : હુકમ : –**

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રીની તા. ૦૩/૦૨/૧૭ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી અંગે આર.ટી.આઈ. એકટની કલમ – ૨(એફ) અને ૨(જે) મુજબ જાહેર માહિતી અધિકારીશ્રી પાસેની અને દફતરી ઉપલબ્ધ માહિતી પુરી પાડવાની જોગવાઈ છે જે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી સ્લમ અપગ્રેડેશન વિભાગ તરફથી અરજદારશ્રીને દફતરી રેકર્ડ આધારીત અરજીમાં જણાવેલ મુદ્દાઓ બાબતે મુદ્દાવાઈઝ વિગતવાર જવાબ અરજદાર મજકુરને પત્ર નં. SUC/OUT/No. 179 તા. ૧૨/૦૪/૨૦૧૭ થી આપવામાં આવેલ અને આ બાબતમાં જરૂર જણાય તો અરજદાર મજકુરે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગનો ઓફિસ કામકાજ દરમ્યાન આગોતરો સમય મેળવી સંલગ્ન ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરીને આપેલ માહિતીની ખરાઈ કરવા સ્વતંત્ર છે. વધુમાં અરજદાર મજકુરને માંગ્યા મુજબની માહિતી તા. ૨૦/૦૪/૨૦૧૭ ના રોજ રૂબરૂમાં મળી ગયેલ હોય અરજદાર મજકુરની તા. ૦૩/૦૩/૨૦૧૭ ની અપીલ નં. SUC/RTI/અપીલ/IN/૧૮ અન્વયે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવા આથી હુ હુકમ કરુ છુ.

અરજદારશ્રી સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર નં.– ૧૦/એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

(એચ. એસ. સુથાર)
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
સ્લમ અપગ્રેડેશન વિભાગ
સુરત મહાનગરપાલિકા

નં.એસયુસી/આ./ ૦૯
તારીખઃ– ૨૭/૦૪/૨૦૧૭

પ્રતિ,

(૧) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપ્રગેડેશન વિભાગ) પ્રતિ...જાણ તથા તાકીદે અમલ માટે.

(૨) સેકશન ઓફીસરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગ પ્રતિ...... જાણ માટે.

| | | |
|---|---|---|
| RIGHT TO INFORMATION | **એચ.એસ.સુથાર**<br>અપીલ અધિકારી અને<br>કાર્યપાલક ઈજનેર<br>મો.નં.૯૭૨૪૩૪૫૪૩૧ | **સુરત મહાનગરપાલિકા**<br>સ્લમ અપગ્રેડેશન વિભાગ<br>બીજો માળ, જુની રાંદેર ઝોન ઓફિસ<br>તાડવાડી રાંદેર રોડ, સુરત. |

પ્રથમ અપીલ અરજી નં. એસયુસી અપીલ/૦૧/ ૨૦૧૬–૧૭, તા.૧૮/૦૪/૨૦૧૭

અરજદારઃ- શ્રી પ્રદીપ મનસુખભાઈ મુંજાણી

સામાવાળાઃ- જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપ્રગેડેશન વિભાગ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી પ્રદીપ મનસુખભાઈ મુંજાણીની માહિતી માંગતી અરજી આઈ.ડી. નં. ૨૭૬૧ તા. ૧૭.૦૩.૨૦૧૭ બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની અપીલ તા.૧૮/૦૪/૨૦૧૭ ની **SUC / SMC / FAP/** નં. ૦૧.

આર.ટી.આઈ. એકટ હેઠળ અરજદારશ્રી પ્રદીપ મનસુખભાઈ મુંજાણીની આઈ.ડી. નં. ૨૭૬૧ તા.૧૭.૦૩.૨૦૧૭ ની અરજી જાહેર માહિતી અધિકારીશ્રી અને એકઝીકયુટીવ આસીસ્ટન્ટ (નાગરીક સુવિધા કેન્દ્ર) એ માહિતી પૂરી પાડવા અત્રે તબદીલ કરેલ જે અત્રે તા. ૨૧.૦૩.૨૦૧૭ ના રોજ મળેલ છે. અરજદારની સદર અરજી અન્વયેની નીચે મુજબની માહિતી માંગેલી છે.

મુદ્દા નં.(૧) આઈ. ડી. નં. ૬૫૭ તા. ૧૬.૧૧.૨૦૧૬, આઈ.ડી. નં. ૨૦૪૩ ૨૯.૧૨.૨૦૧૬ અને આઈ.ડી. નં. ૨૪૨૨ તા. ૦૭.૦૨.૨૦૧૭ ના રોજ માગેલ માહિતીની માહિતી આપનાર અધિકારીશ્રીનું નામ આપશો.

મુદ્દા નં.(૨) ટેન્ડરના સ્પેશીફીકેશન અને કરારમાં EWS-3 સીંગણપોર(સુમન કુંજ)માં બનાવેલ રસોડામાં પ્લેટફોર્મ અને ગેડી વિશે જણાવાયુ છે તે વિશે હા અથવા ના એમ લખી સ્પષ્ટાપુર્વક માહિતી આપશો.

મુદ્દા નં.(૩) ટેન્ડરના સ્પેશીફીકેશન અને કરારમાં બારીના ગ્રીલનાં એમએમ વિશેની માહિતી સ્પષ્ટાપુર્વક લેખિતમાં આપશો.

ડે. ઈજનેર અશોક પટેલે દલાલ સાહેબની હાજરીમાં જણાવ્યુ છે કે બારીમાં ગ્રીલ લગાવાની તો હતી જ નહી છતા અમોએ વધારામાં બારીની ગ્રીલ ફીટ કરી આપેલ છે તો તે વિશે અશોક પટેલ સાહેબ સાથે ચર્ચા કરી સ્પષ્ટાપુર્વક સાચી માહિતી આપશો.

મુદ્દા નં.(૪) EWS-3 સીંગણપોર સુમનકુંજમાં બારીમાં લગાવેલ ગ્રીલની એમએમ વિશેની માહિતી સ્થળ પર જઈ જાતે તપાસ કરીને જણાવજો.

મુદ્દા નં.(૫) દસ્તાવેજમાં ફોટામાં દરવાજાની એંગલ દર્શાવી છે અને સ્થળ પર એકેય ફલેટમાં એંગલ લગાડવામાં આવી નથી. તે વિશે પણ સ્થળ પર જાતે તપાસ કરી સાચી માહિતી આપશો.

મુદ્દા નં.(૬) અમોને દસ્તાવેજ બદલી આપવાનું કેતન પટેલ સાહેબે કમિશ્નર સાહેબની હાજરીમાં જણાવ્યું છે. તો કેતન પટેલ સાહેબ સાથે રૂબરૂ ચર્ચા કરી ગુજરાતીમાં દસ્તાવેજ બનાવી આપો તેવી સ્પષ્ટપણે માહિતી આપશો.

મુદ્દા નં.(૭) ટેન્ડરના સ્પેશીફીકેશન અને કરાર મુજબ ચુનો મારવાનું જણાવાયુ છે, કલર મારવાનું જણાવાયુ છે તે વિશે સ્પષ્ટાપુર્વક સાચી માહિતી આપશો.

મુદ્દા નં.(૮) EWS ની માહિતી પત્રકમાં EWS-3,4,5 અને 6 માં જ રસોડામાં પ્લેટફોર્મ અને ગેડી વિશે દર્શાવાયુ છે. બાકીના EWS માં દર્શાવાયુ નથી તેના વિશે સ્પષ્ટપણે લેખિતમાં જણાવજો.

મુદ્દા નં.(૯) બધા જ EWS-1,2,3,4,5,6 અને 7 માં એકસરખું બાંધકામ થયુ છે.

મુદ્દા નં.(૧૦) EWS-3 સીંગણપોરમાં બહાર અને અંદરની બાજુમાં મારવામાં આવેલ કલર વિશેની સ્પષ્ટપણે માહિતી જણાવજો.

મુદ્દા નં.(૧૧) દસ્તાવેજ પહેલા બનાવવામાં આવ્યો છે, EWS આવાસનું બાંધકામ પહેલા કરવામાં આવ્યુ છે. તે વિશે સ્પષ્ટપણે માહિતી જણાવજો.

દસ્તાવેજમાં ભુલ થઈ છે તેથી દસ્તાવેજ બદલી આપીશુ તેવુ કેતન પટેલ સાહેબે કહયુ છે તો ગુજરાતીમાં દસ્તાવેજ બનાવી આપવાના છે, તે વિશે કેતન પટેલ સાહેબ સાથે રૂબરૂ ચર્ચા કરી સ્પષ્ટપણે સાચી માહિતી આપશો.

મુદ્દા નં.(૧૨) દસ્તાવેજમાં રસોડામાં પ્લેટફોર્મ અને ગેડીનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને EWS-3 સીંગણપોરમાં રસોડા અને પ્લેટફોર્મ અને ગેડી બનાવવામાં આવેલ નથી. તો તેની સ્પષ્ટપણે સાચી માહિતી આપશો.

મુદ્દા નં.(૧૩) આઈ ડી નં.૬૫૭, તા. ૧૬/૧૧/૨૦૧૬ અને આઈ ડી નં. ૨૦૪૩ ના રોજ માંગેલ માહિતીમાં અમુક

પ્રશ્નવાચક માહિતીની માહિતી આપવામાં આવી છે અને અમુક માહિતી આપવામાં આવી નથી તો માહિતી અધિકાર નિયમન–૨૦૦૫ માં એમ દર્શાવાયુ છે કે અધિકારીએ ભ્રષ્ટાચાર કરે તેવી પ્રશ્નવાચક માહિતી નહી આપવી અને બાકીની પ્રશ્નવાચક માહિતી આપવી તેની સ્પષ્ટપણે અને સાચી માહિતી આપવી.

મુદ્દા નં.(૧૪) તા. ૦૧.૦૩.૨૦૧૭ ના રોજ ડે. કમિશ્નર કેતન પટેલ, મેયરશ્રી અને સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રીને રૂબરૂ મળી આવેદનપત્ર આપવામાં આવ્યુ છે તેના વિશે કરેલ કાર્યવાહી અંગે સ્પષ્ટ અને સચોટ સાચી માહિતી આપશો.

સદર અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી દ્વારા મળેલ પ્રત્યુત્તરથી નારાજ થઈ મજકુર અરજદારે 'નમુના–જ' હેઠળ એકઝીકયુટીવ આસી. અને જાહેર માહિતી અધિકારી નાગરીક સુવિધા કેન્દ્ર, મુગલીસરામાં તા. ૧૭/૦૪/૨૦૧૭થી પ્રથમ અપીલ કરેલ છે. જે તેઓએ આઉટ નં. CCC/C.Zone/out/27,dtd. 17/04/2017 થી અત્રેની કચેરીએ તબદીલ કરેલ હતી જે અત્રેની કચેરીએ SUC/(અપીલ)/No. 01,dtd. 18/04/2017 થી મળેલ છે. સદર અપીલ અન્વયે અપીલ અધિકારી કાર્યપાલક ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ)એ ૨૧/૦૪/૨૦૧૭ પત્ર નં. એસયુસી/આરટીઆઈ/આઉટ નં. ૦૭ થી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર, સ્લમ અપગ્રેડેશન સેલ પાસે સ્પષ્ટતા રીપોર્ટ તથા પ્રદીપભાઈ મુંજાણીની આઈ.ડી. નં. ૨૭૬૧, તા. ૧૭/૦૩/૨૦૧૭ અંગે જરૂરી ડોકયુમેન્ટસની નકલો આપવા જણાવેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી એ તેઓના તા. ૨૬/૦૪/૨૦૧૭ ના પત્ર નં. એસયુસી/આઉટ નં. ૮ થી જરૂરી પૂર્તતા કરેલ છે. એકઝીકયુટીવ આસી. અને જાહેર માહિતી અધિકારી નાગરીક સુવિધા કેન્દ્ર, મુગલીસરા સીસીસી/સીઝેડ/આરટીઆઈ/જાવક નં. ૨૭૬૧, તા. ૧૮/૦૩/૨૦૧૭ થી આંશિક તબદીલ કરેલ જે અત્રેની કચેરીએ એસયુસી/આરટીઆઈ/ઈન નં.૧૬૩, તા. ૨૧/૦૩/૨૦૧૭ ના રોજ મળેલ છે. જે અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી (સ્લમ અપગ્રેડેશન વિભાગ) તેઓના પત્ર નં. SUC/OUT/નં. ૪, તા. ૧૨/૦૪/૨૦૧૭ થી અરજદાર મજકુરને માંગેલ માહિતી અને દસ્તાવેજો માટે નિયમોનુસાર રૂા. ૫૦૪/–(અંકે રૂપિયા પાંચસો ચાર પુરા) જમા કરાવવાનું ફરમાવવામાં આવેલ. તથા જે અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ) તેઓના પત્ર નં.એસયુસી/આઉટ/નં. ૦૫ તા. ૧૨/૦૪/૨૦૧૭ થી અરજદાર મજકુરને નીચે જણાવ્યા મુજબનો જવાબ પાઠવેલ છે.

| | | |
|---|---|---|
| મુદ્દા નં. ૧ | : | સ્લમ અપગ્રેડેશન વિભાગ, સુરત મહાનગરપાલિકામાં જાહેર માહિતી અધિકારી તરીકે શ્રી એન.એલ.પટેલ કાર્યરત છે. |
| મુદા નં. ૨,૩,૭,૮,૧૦,૧૨ | : | ટેન્ડરની કોપીમાં તેમજ એકસ્ટ્રા આઈટમની મંજુરીમાં બાંધકામમાં વપરાયેલ મટીરીયલ બાબતે ટેન્ડરમાં જણાવેલ નીતિ નિયમોનુસાર વિગતવાર જણાવવામાં આવેલ છે. આ સાથે સામેલ "નમૂનો–ખ" મુજબ નકલ ફી ભર્યેથી નકલ મેળવી શકશો. |
| મુદ્દા નં. ૩,૪,૫,૯ | : | આર.ટી.આઈ એકટ મુજબ ફકત રેકર્ડ પર ઉપલબ્ધ નકલ આપવાની જોગવાઈ હોય, ચર્ચા કરી / સ્થળ તપાસ કરી જવાબ આપવો માહિતી અધિકાર પરિપેક્ષ્યમાં સમાવિષ્ટ નથી જે જાણશો. |
| મુદ્દા નં. ૧૧,૧૩ | : | સદર મુદ્દો મહદઅંશે પ્રશ્નવાચક છે જે જાણશો. સ્પષ્ટતા કરવીએ માહિતી અધિકારના પરિપેક્ષ્યમાં સમાવિષ્ટ નથી. |
| મુદ્દા નં. ૧૪ | : | આ સાથે સામેલ "નમૂનો–ખ" મુજબ નકલ ફી ભર્યેથી નકલ મેળવી શકશો. આપ ચાહો તો અત્રેની કચેરીથી દિન–૭ માં આગોતરો સમય મેળવી નીતિનિયમ મુજબ દફતરી ઈન્સપેકશન કરી શકો છો. |

ત્યારબાદ પ્રથમ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગ દ્વારા અરજદારશ્રી પ્રદીપભાઈ મનસુખભાઈ મુંજાણીની પ્રથમ અપીલ નં. ૦૧ ના સંદર્ભે સુનાવણી તા. ૦૪/૦૫/૨૦૧૭ ના રોજ ૪:૦૦ કલાકે રાખવામાં આવેલ. અને તે અંગેની જાણ અરજદાર મજકુરને પત્ર નં. SUC/અપીલ/ નં. ૧૦, તા. ૨૭/૦૪/૨૦૧૭ થી કરવામાં આવેલ જે અન્વયે અરજદારશ્રી તા. ૦૪/૦૫/૨૦૧૭ ના રોજ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી સમક્ષ ઉપસ્થિત રહયા હતા. અને આઈ.ડી. નં. ૨૭૬૧ થી માંગેલ બધીજ માહિતી સ્પષ્ટપણે આપવા જણાવેલ.

આમ, આર.ટી.આઈ. એકટની કલમ – ૨(એફ) અને ૨(જે) મુજબ જાહેર માહિતી અધિકારીશ્રી પાસેની અને દફતરી ઉપલબ્ધ માહિતી પુરી પાડવાની જોગવાઈ છે. સ્લમ અપગ્રેડેશન વિભાગ તરફથી અરજદારશ્રીને દફતરી રેકર્ડ આધારીત સ્લમ અપગ્રેડેશન વિભાગને લાગુ પડતા મુદ્દાઓ બાબતે પ્રત્યુત્તર પાઠવવા જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ)ને જણાવવામાં આવે છે અને ડેપ્યુટી ઈજનેરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગનો ઓફિસ કામકાજ દરમ્યાન આગોતરો સમય મેળવી સંલગ્ન ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરીને આપેલ માહિતીની ખરાઈ કરવા સ્વતંત્ર છે.

# –: હુકમ :–

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રીની તા. ૧૭/૦૩/૧૭ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી અંગે આર.ટી.આઈ. એકટની કલમ – ૨(એફ) અને ૨(જે) મુજબ જાહેર માહિતી અધિકારીશ્રી પાસેની અને દફતરી ઉપલબ્ધ માહિતી પુરી પાડવાની જોગવાઈ છે જે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી સ્લમ અપગ્રેડેશન વિભાગ તરફથી અરજદારશ્રીને દફતરી રેકર્ડ આધારીત અરજીમાં જણાવેલ સ્લમ અપગ્રેડેશન વિભાગને લાગુ પડતાં મુદ્દાઓ બાબતે મુદ્દાવાઈઝ દિન–૭(સાત) માં પ્રત્યુત્તર પાઠવવા અને આ બાબતમાં જરૂર જણાય તો જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગનો ઓફિસ કામકાજ દરમ્યાન આગોતરો સમય મેળવી સંલગ્ન ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરીને આપેલ માહિતીની ખરાઈ કરવા સ્વતંત્ર છે. વધુમાં અરજદાર મજકુરની તા. ૧૮/૦૪/૨૦૧૭ ની અપીલ નં. SUC/RTI/અપીલ/IN/૦૧ અન્વયે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવા આથી હુ હુકમ કરુ છુ.

અરજદારશ્રી સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર નં.– ૧૦/એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

(એચ. એસ. સુથાર)
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
સ્લમ અપગ્રેડેશન વિભાગ
સુરત મહાનગરપાલિકા

નં.એસયુસી/આ./ ૧૧
તારીખઃ– ૧૨/૦૫/૨૦૧૭

પ્રતિ,

(૧) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપ્રગેડેશન વિભાગ) પ્રતિ...જાણ તથા તાકીદે અમલ માટે.

(૨) સેકશન ઓફીસરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગ પ્રતિ...... જાણ માટે.

| | એચ.એસ.સુથાર | સુરત મહાનગરપાલિકા | |
|---|---|---|---|
| | અપીલ અધિકારી અને | સ્લમ અપગ્રેડેશન વિભાગ | |
| | કાર્યપાલક ઈજનેર | બીજો માળ, જુની રાંદેર ઝોન ઓફિસ | |
| | મો.નં.૯૭૨૪૩૪૫૪૩૧ | તાડવાડી રાંદેર રોડ, સુરત. | |

પ્રથમ અપીલ અરજી નં. એસયુસી અપીલ/૦૨/ ૨૦૧૬–૧૭, તા.૧૧/૦૫/૨૦૧૭

અરજદારઃ- શ્રી મુકેશ ગણપતલાલ રાણા

સામાવાળાઃ- જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપ્રગેડેશન વિભાગ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મુકેશ ગણપતલાલ રાણાની માહિતી માંગતી અરજી આઈ.ડી. નં. ૧૦૪ તા. ૧૯.૦૪.૨૦૧૭ બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની અપીલ તા.૧૧/૦૫/૨૦૧૭ ની **SUC / SMC / FAP**/ નં. ૦૨.

આર.ટી.આઈ. એકટ હેઠળ અરજદારશ્રી મુકેશ ગણપતલાલ રાણાની આઈ.ડી. નં. ૧૦૪ તા. ૧૯.૦૪.૨૦૧૭ ની અરજી જાહેર માહિતી અધિકારીશ્રી અને સેકશન ઓફિસર (આરોગ્ય મહેકમ) એ માહિતી પૂરી પાડવા અત્રે તબદીલ કરેલ જે અત્રે તા. ૧૧.૦૫.૨૦૧૭ ના રોજ મળેલ છે. અરજદારની સદર અરજી અન્વયેની નીચે મુજબની માહિતી માંગેલી છે.

૧. તા.૧૬/૦૪/૨૦૧૭ અને ૧૭/૦૪/૨૦૧૭ ની માનનીય વડાપ્રધાનશ્રીની બે દિવસની સુરતની મુલાકાતને રોડ શો દરમ્યાન સુરત મહાનગરપાલિકાએ કેટલી જગ્યાએ કમાન બનાવેલી–તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ?
૨. કેટલી જગ્યાએ કેટલા સ્ટેજ બનાવેલા અને તેની પાછળ કેટલો ખર્ચ થયો છે ?
૩. કેટલી જગ્યાએ રોશની કરવામાં આવેલી હતી અને તેની પાછળ કેટલો ખર્ચ થયો છે ?
૪. મા. વડાપ્રધાનના જાહેરખબરના કેટલા હોર્ડિંગ્સ– કયાં કયાં મુકવામાં આવેલા અને તેની પાછળ કોર્પોરેશનનો કેટલો ખર્ચ થયો છે ?
૫. સ્ટેજ બનાવેલા તેનું કેટલું ભાડું કોર્પોરેશનમાં જમા થયું છે?

સદર અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી દ્વારા મળેલ પ્રત્યુત્તરથી નારાજ થઈ મજકુર અરજદારે 'નમુના–જ' હેઠળ સેન્ટ્રલ ઝોનના નાગરીક સુવિધા કેન્દ્ર, મુગલીસરામાં તા. ૦૯/૦૫/૨૦૧૭ ના રોજ અપીલ અરજી કરી છે. જે તેઓએ આઉટ નં. CCC/C.Zone/out/61,dtd. 09/05/2017 થી અત્રેની કચેરીએ તબદીલ કરેલ હતી જે અત્રેની કચેરીએ SUC/(અપીલ)/No. 02,dtd. 11/05/2017 થી મળેલ છે. સદર અપીલ અન્વયે અપીલ અધિકારી કાર્યપાલક ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ)એ ૧૭/૦૫/૨૦૧૭ પત્ર નં. એસયુસી/આરટીઆઈ(અપીલ)/આઉટ નં. ૧૩ થી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર, સ્લમ અપગ્રેડેશન સેલ પાસે સ્પષ્ટતા રીપોર્ટ તથા મુકેશ ગણપતલાલ રાણાની આઈ.ડી. નં. ૧૦૪, તા. ૧૯/૦૪/૨૦૧૭ અંગે જરૂરી ડોકયુમેન્ટસની નકલો આપવા જણાવેલ. જે અન્વયે ઈ.ચા. જાહેર માહિતી અધિકારી એ તેઓના તા. ૨૩/૦૫/૨૦૧૭ ના પત્ર નં. એસયુસી/આઉટ નં. ૧૪ થી જરૂરી પૂર્તતા કરેલ છે. જાહેર માહિતી અધિકારીશ્રી અને સેકશન ઓફિસર (આરોગ્ય મહેકમ), મુગલીસરા સીસીસી/સીઝેડ/આરટીઆઈ/જાવક નં. ૬૧, તા. ૦૯/૦૫/૨૦૧૭ થી આંશિક તબદીલ કરેલ જે અત્રેની કચેરીએ એસયુસી/આરટીઆઈ(અપીલ)/ઈન નં. ૨, તા. ૧૧/૦૫/૨૦૧૭ ના રોજ મળેલ છે. જે અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ) તેઓના પત્ર નં.એસયુસી/આઉટ/નં.૧૬ તા.૨૬/૦૪/૨૦૧૭ થી અરજદાર મજકુરને નીચે જણાવ્યા મુજબનો જવાબ પાઠવેલ છે.

આપના દ્વારા માંગવામાં આવેલ મુદ્દા નં. ૧થી ૫ ની માહિતી બાબતની કામગીરી અત્રેના વિભાગ દ્વારા કરવામાં આવેલ નથી. માંગવામાં આવેલ માહિતી અત્રેના રેકર્ડ પર ઉપલબ્ધ નથી.

ત્યારબાદ પ્રથમ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગ દ્વારા અરજદારશ્રી મુકેશ ગણપતલાલ રાણાની પ્રથમ અપીલ નં. ૦૨ ના સંદર્ભે સુનાવણી તા. ૦૨/૦૬/૨૦૧૭ ના રોજ ૪:૦૦ કલાકે રાખવામાં આવેલ. અને તે અંગેની જાણ અરજદાર મજકુરને પત્ર નં. SUC/અપીલ/ નં. ૧૫, તા. ૨૫/૦૫/૨૦૧૭ થી કરવામાં આવેલ જે અન્વયે અરજદારશ્રી તા. ૦૨/૦૬/૨૦૧૭ ના રોજ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી સમક્ષ ઉપસ્થિત રહયા ન હતા.

## –: હુકમ :–

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રીની તા. ૧૯/૦૪/૧૭ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી ના તમામ મુદ્દાઓ (મુદ્દા નં. ૧ થી ૫) સ્લમ અપગ્રેડેશન વિભાગને સ્પર્શતા ન હોય સ્લમ અપગ્રેડેશન વિભાગે અપીલ અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. આમ, છતાં અરજદાર સ્લમ અપગ્રેડેશન વિભાગમાં નિયમાનુસાર કાર્યવાહી હેઠળ રેકર્ડ તપાસણી કરવાં અંગે સ્વતંત્ર છે.

અરજદારશ્રી સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર નં.– ૧૦/એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

(એચ. એસ. સુથાર)
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
સ્લમ અપગ્રેડેશન વિભાગ
સુરત મહાનગરપાલિકા

નં.એસયુસી/આ./ ૨૦
તારીખઃ– ૧૨/૦૬/૨૦૧૭

પ્રતિ,

(૧) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપ્રગેડેશન વિભાગ) પ્રતિ...જાણ તથા તાકીદે અમલ માટે.

(૨) સેકશન ઓફીસરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગ પ્રતિ...... જાણ માટે.

| | | | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | **એચ.એસ.સુથાર**<br>અપીલ અધિકારી અને<br>કાર્યપાલક ઈજનેર<br>મો.નં.૯૭૨૪૩૪૫૪૩૧ | **સુરત મહાનગરપાલિકા**<br>સ્લમ અપગ્રેડેશન વિભાગ<br>બીજો માળ, જુની રાંદેર ઝોન ઓફિસ<br>તાડવાડી રાંદેર રોડ, સુરત. | |

પ્રથમ અપીલ અરજી નં. એસયુસી અપીલ/૦૩/ ૨૦૧૬–૧૭, તા.૨૩/૦૫/૨૦૧૭

અરજદારઃ- શ્રી સંજય પરશુરામ ભગત

સામાવાળાઃ- જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપ્રગેડેશન વિભાગ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સંજય પરશુરામ ભગતની માહિતી માંગતી અરજી આઈ.ડી. નં. ૬૫ તા. ૧૫.૦૪.૨૦૧૭ બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની અપીલ તા.૨૩/૦૫/૨૦૧૭ ની **SUC / SMC / FAP/** નં. ૦૩.

આર.ટી.આઈ. એકટ હેઠળ અરજદારશ્રી સંજય પરશુરામ ભગતની આઈ.ડી. નં. ૬૫ તા.૧૫.૦૪.૨૦૧૭ ની અરજી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સાઉથઝોન (ઉધના) એ માહિતી પૂરી પાડવા અત્રે તબદીલ કરેલ જે અત્રે તા. ૧૯.૦૪.૨૦૧૭ ના રોજ મળેલ છે. અરજદારની સદર અરજી અન્વયેની નીચે મુજબની માહિતી માંગેલી છે.

૧. સન.૨૦૧૨, ૨૦૧૩ ભીમનગર ઝુંપડપટ્ટીને હટાવીને જુદા–જુદા આવાસોના સ્થળાંતર કરવામાં આવેલ હતા. ભીમનગર ઝુંપડપટ્ટીના રહેવાસીઓના, ફોટા પાડીને બાયોમેટ્રીક સર્વે કરવામાં આવેલા હતા તેમજ ૨/૩ વર્ષ પછી ભીમનગર ઝુંપડપટ્ટીના રહેવાસીઓને આવાસના ડ્રો કરીને આવાસો ફાળવવામાં આવેલા છે. સુરત મહાનગરપાલિકાએ ભીમનગરમાં કેટલા આવાસો બાંધવામાં આવેલા છે. તેમજ કેટલા આવાસો ફાળવવામાં આવેલા છે. તેમના સન.૨૦૧૨ થી ૨૦૧૭ સુધીના બાયોમેટ્રીક સર્વેના ફોટા સહિત વિગતવાર યાદીની માહિતી માંગેલ છે.

સદર અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી દ્વારા મળેલ પ્રત્યુત્તરથી નારાજ થઈ મજકુર અરજદારે 'નમુના–જ' હેઠળ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ),માં તા.૨૩/૦૫/૨૦૧૭ ના રોજ અપીલ અરજી કરી છે. સદર અપીલ અન્વયે અપીલ અધિકારી કાર્યપાલક ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ)એ ૩૦/૦૫/૨૦૧૭ પત્ર નં. એસયુસી/આરટીઆઈ(અપીલ)/આઉટ નં. ૧૮ થી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર, સ્લમ અપગ્રેડેશન સેલ પાસે સ્પષ્ટતા રીપોર્ટ તથા સંજય પરશુરામ ભગતની આઈ.ડી. નં. ૬૫ તા.૧૫.૦૪.૨૦૧૭ અંગે જરૂરી ડોકયુમેન્ટસની નકલો આપવા જણાવેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરે તેઓના તા. ૨૪/૦૪/૨૦૧૭ ના પત્ર નં. એસયુસી/આઉટ નં. ૧૨ થી જરૂરી પૂર્તતા કરેલ છે.

આપના દ્વારા માંગવામાં આવેલ અરજીના મુદ્દા નં. ૧ ની માહિતી બાબત જણાવવાનું કે સુરત મહાનગરપાલિકા દ્વારા ભીમનગર ખાતે JnNURM-BSUP યોજના અંતર્ગત રીડેવલપમેન્ટ સ્કીમ હેઠળ કુલ–૧૧૭૬ આવાસોનું બાંધકામ કરવામાં આવેલ જે પૈકી આજદીન સુધી કુલ–૧૧૭૬ આવાસોની ફાળવણી કરવામાં આવેલ છે.

ત્યારબાદ પ્રથમ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગ દ્વારા અરજદારશ્રી સંજય પરશુરામ ભગતની પ્રથમ અપીલ નં. ૦૩ ના સંદર્ભે સુનાવણી તા. ૧૯/૦૬/૨૦૧૭ ના રોજ ૪:૦૦ કલાકે રાખવામાં આવેલ. અને તે અંગેની જાણ અરજદાર મજકુરને પત્ર નં. SUC/અપીલ/ નં. ૨૧, તા. ૧૩/૦૬/૨૦૧૭ થી કરવામાં આવેલ જે અન્વયે અરજદારશ્રી તા. ૧૯/૦૬/૨૦૧૭ ના રોજ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી સમક્ષ ઉપસ્થિત રહયા હતા અને તેઓએ જણાવેલ કે તેઓને જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી મળેલ છે.

## –: હુકમ :–

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

સ્લમ અપગ્રેડેશન વિભાગની માહિતી અરજદારને મળી ગયેલ હોય, અત્રેથી અપીલ અરજી બાબતે કાંઈ કરવાનું રહેતુ નથી. જેથી આ અપીલ અરજી દફતરે કરવા હુ હુકમ કરુ છુ.

અરજદારશ્રી સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર નં.– ૧૦/એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

(એચ. એસ. સુથાર)
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
સ્લમ અપગ્રેડેશન વિભાગ
સુરત મહાનગરપાલિકા

નં.એસયુસી/આ./ ૨૬
તારીખઃ– ૨૨/૦૬/૨૦૧૭

પ્રતિ,
(૧) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપ્રગેડેશન વિભાગ) પ્રતિ...જાણ તથા તાકીદે અમલ માટે.
(૨) સેકશન ઓફીસરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગ પ્રતિ...... જાણ માટે.

| | એચ.એસ.સુથાર | સુરત મહાનગરપાલિકા | |
|---|---|---|---|
| RIGHT TO INFORMATION | અપીલ અધિકારી અને | સ્લમ અપગ્રેડેશન વિભાગ | |
| | કાર્યપાલક ઈજનેર | બીજો માળ, જુની રાંદેર ઝોન ઓફિસ | |
| | મો.નં.૯૭૨૪૩૪૫૪૩૧ | તાડવાડી રાંદેર રોડ, સુરત. | |

પ્રથમ અપીલ અરજી નં. એસયુસી અપીલ/૦૪/ ૨૦૧૬–૧૭, તા.૦૮/૦૬/૨૦૧૭

અરજદારઃ- શ્રી મનસુખભાઈ નાનજીભાઈ ખોરાસીયા

સામાવાળાઃ- જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપ્રગેડેશન વિભાગ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મનસુખભાઈ નાનજીભાઈ ખોરાસીયાની માહિતી માંગતી અરજી આઈ.ડી. નં. ૩૧૮ તા. ૧૭.૦૫.૨૦૧૭ બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની અપીલ તા.૦૮/૦૬/૨૦૧૭ ની **SUC / SMC / FAP/** નં. ૦૪.

આર.ટી.આઈ. એકટ હેઠળ અરજદારશ્રી મનસુખભાઈ નાનજીભાઈ ખોરાસીયાની આઈ.ડી. નં. ૩૧૮ તા. ૧૭.૦૫.૨૦૧૭ ની અરજી જાહેર માહિતી અધિકારીશ્રી અને ડેપ્યુટી ઈજનેર, સાઉથ વેસ્ટ(અઠવા)ઝોને માહિતી પૂરી પાડવા અત્રે તબદીલ કરેલ જે અત્રે તા. ૨૧.૦૫.૨૦૧૭ ના રોજ મળેલ છે. અરજદારની સદર અરજી અન્વયેની નીચે મુજબની માહિતી માંગેલી છે.

મુદ્દા નં.(૧) : અલથાણ ટેનામેન્ટ રીડેવલપમેન્ટ માટે સિધ્ધિ ડેવલપર્સે કરેલ મહાનગરપાલિકા સામે કરેલા કરારની બધીજ કોપી બાબત

મુદ્દા નં.(૨) : અલથાણ ટેનામેન્ટ રીડેવલપમેન્ટ માટે સિધ્ધિ ડેવલપરે મુકેલા પ્લાનની કોપી બાબત.

સદર અરજી અન્વયે જાહેર માહિતી અધિકારી દ્વારા મળેલ પ્રત્યુત્તરથી નારાજ થઈ મજકુર અરજદારશ્રીએ 'નમુના–જ' હેઠળ અપીલ કરી છે જે અત્રેની કચેરીએ SUC/(અપીલ)/No. 04,dtd. 08/06/2017 થી મળેલ છે. સદર અપીલ અન્વયે અપીલ અધિકારી કાર્યપાલક ઈજનેરશ્રી(સ્લમ અપગ્રેડેશન વિભાગ)એ ૧૪/૦૬/૨૦૧૭ પત્ર નં. એસયુસી/અપીલ/આઉટ નં. ૨૨ થી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર, સ્લમ અપગ્રેડેશન સેલ પાસે સ્પષ્ટતા રીપોર્ટ તથા મનસુખભાઈ નાનજીભાઈ ખોરાસીયાની આઈ.ડી. નં. ૩૧૮, તા. ૧૭/૦૫/૨૦૧૭ અંગે જરૂરી ડોકયુમેન્ટસની નકલો આપવા જણાવેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી એ તેઓના તા. ૨૧/૦૬/૨૦૧૭ ના પત્ર નં. એસયુસી/આઉટ નં. ૨૫ થી જરૂરી પૂર્તતા કરેલ છે. જે અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપ્રગેડેશન વિભાગ) તેઓના પત્ર નં.એસયુસી/આઉટ/નં. ૨૯, તા. ૦૨/૦૬/૨૦૧૭ થી અરજદાર મજકુરને નીચે જણાવ્યા મુજબનો જવાબ પાઠવેલ છે.

મુદ્દા નં. ૧ : અલથાણ ટેનામેન્ટ રીડેવલપમેન્ટ માટે સિધ્ધિ ડેવલપર્સ એન્ડ બિલ્ડર્સ દ્વારા ભરવામાં આવેલ ટેન્ડર સુરત મહાનગરપાલિકા દ્વારા સ્વીકારવામાં આવેલ છે અજે હજુ કરાર કરવાની પ્રક્રિયા થયેલ નથી.

મુદ્દા નં. ૨ : આ મુદ્દા અન્વયે જણાવવાનું કે ડેવલપર દ્વારા પ્લાનીંગ કરવાની પ્રક્રિયા પ્રગતિ હેઠળ છે.

ત્યારબાદ પ્રથમ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગ દ્વારા અરજદારશ્રી મનસુખભાઈ નાનજીભાઈ ખોરાસીયાની પ્રથમ અપીલ નં. ૦૪ ના સંદર્ભે સુનાવણી તા. ૨૩/૦૬/૨૦૧૭ ના રોજ ૪:૦૦ કલાકે રાખવામાં આવેલ. અને તે અંગેની જાણ અરજદાર મજકુરને પત્ર નં. SUC/અપીલ/ નં. ૨૪, તા. ૨૦/૦૬/૨૦૧૭ થી કરવામાં આવેલ જે અન્વયે અરજદારશ્રી તા. ૨૩/૦૬/૨૦૧૭ ના રોજ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેરશ્રી સમક્ષ ઉપસ્થિત રહયા હતા. અને આઈ.ડી. નં. ૩૧૮ થી માંગેલ બધીજ માહિતી સ્પષ્ટપણે આપવા જણાવેલ.

## –: હુકમ :–

અરજદારશ્રીની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારશ્રીની તા. ૧૭/૦૫/૧૭ ની અરજી અન્વયે જાહેર માહિતી અધિકારીએ મુદ્દાસર માહિતી આપેલ હોય, અત્રેના વિભાગે અપીલ અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી જેથી અપીલ અરજી દફતરે કરવાનો હુકમ કરું છુ. તેમ છતાં અરજદાર સ્લમ અપગ્રેડેશન વિભાગમાં નિયમાનુસાર કાર્યવાહી હેઠળ રેકર્ડ તપાસણી કરવા સ્વતંત્ર છે.

અરજદારશ્રી સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર નં.– ૧૦/એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

(એચ. એસ. સુથાર)
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
સ્લમ અપગ્રેડેશન વિભાગ
સુરત મહાનગરપાલિકા

નં.એસયુસી/આ./ ૨૭
તારીખઃ– ૨૮/૦૬/૨૦૧૭

પ્રતિ,
(૧) જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેરશ્રી(સ્લમ અપ્રગ્રેડેશન વિભાગ) પ્રતિ...જાણ તથા તાકીદે અમલ માટે.
(૨) સેકશન ઓફીસરશ્રી, સ્લમ અપગ્રેડેશન વિભાગ પ્રતિ...... જાણ માટે.